L09003702490
Party Name: M (s&a)
Received Date 22/08/2012

ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૯૮
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય : પ્લોટનાં પેટા–વિભાજન કે ફેરફારની સત્તા જો અન્ય સત્તા મંડળ પાસે હોય તો જીઆઈડીસીનું "ના વાંધા પ્રમાણપત્ર " મેળવ્યા વગર મંજુર નહી કરવા બાબત.

સંદર્ભ : GIDC / O & M/ Sr.ATP/28 Dated. 08/07/2010.

નિગમની જુદી–જુદી વસાહતો કે જે મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા કે શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળની હદમાં આવતી હોય અને તેવી વસાહતોનાં કોઈ ફાળવણીદાર ધ્વારા નિગમનું " ના વાંધા પ્રમાણપત્ર" મેળવ્યા સિવાય નકશો મંજુર કરાવેલ હોય, પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કે વધારાના બાંધકામ માટેના કોઈ પ્લાન મંજુર કરાવેલ હોય અને તેઓ આ રીતે મંજુર કરાવેલ પ્લાન જો નિયમિત કરવા માટે નિગમને અરજી કરે તો નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ તથા તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં રજુ કરવામાં આવેલ કાર્યસુચિ ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૮૪/ વિતરણ / ૪૬૬ મુજબ જે કોઈ ફાળવણીદારના પ્લાન ઉપર દર્શાવેલ સ્થાનિક સંસ્થા ધ્વારા તા. ૩૦/૬/૨૦૧૨ પહેલા મંજુર થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં પ્રવર્તમાન વિતરણ દરનાં ૨૫.% દંડની રકમ વસુલ લઈ નિયમિત કરી આપવા અંગેની દરખાસ્ત વડી કચેરીમાં નિર્ણય અર્થે મોકલવાની રહેશે.

તદ્‌ઉપરાંત તા. ૧/૭/૨૦૧૨ પછી નિગમની પૂર્વ મંજુર સિવાય આવા કોઈપણ પેટા વિભાજન મંજુર કરાવેલ હોય અથવા તો એકત્રીકરણ કે વધારાના બાંધકામ માટેના કોઈ પ્લાન મંજુર કરાવેલ હોય તો તેને નિયમિત ન કરવાનું તેમજ તે અંગેની કોઈપણ દરખાસ્ત વડી કચેરીને મોકલવાની રહેશે નહી, તેની નોંધ તમામ ક્ષેત્રિય કચેરીનાં વડાએ લેવાની રહેશે.

આ પરીપત્રનો ચુસ્તપણે અમલ ઉપરોકત દર્શાવેલ તારીખથી ચુસ્તપણે કરવાનો રહેશે તથા પરીપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રીના નામજોગ પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના
Nathak
જનરલ મેનેજર ( ઈ એન્ડ એ)

MANAGER (COMPUTER )